# બેંકના લુંટારાનું છેલ્લું લોકેશન વેલંજાનું મળ્યું

**52 લાખની લૂંટમાં ક્રાઈમ બ્રાન્ચની પાંચ સહિત પોલીસની 10 ટીમ કામે લગાડાઈ**



સુરતઃ વરાછા વિસ્તારમાં લંબેહનુમાન રોડ પર આવેલી એસબીઆઈ બેંકમાં સોમવારે બપોરે થયેલી રૂ.52 લાખની ચોંકાવનારી લૂંટે શહેરમાં ચકચાર મચાવી છે. ઘટના બાદ તરત જ સીસીટીવી ફૂટેજ મળ્યા હોવા છતાં લૂંટારુઓ વરાછાથી વેલંજા સુધી ભાગી છૂટવામાં સફળ રહ્યા, જેને લઈને પોલીસની કામગીરી પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

વરાછા વિસ્તારમાં સોમવારે બપોરે એકથી બે વાગ્યાની વચ્ચે લંબેહનુમાન રોડ પર આવેલી એસબીઆઈની બ્રાન્ચમાં પાંચથી વધુ લૂંટારુઓએ દહેશત ફેલાવી દીધી હતી. ગ્રાહકના સ્વાંગમાં બેંકમાં પ્રવેશ કરનાર આરોપીઓએ અચાનક પિસ્તોલ કાઢી કર્મચારીઓ અને ગ્રાહકોને બંધક બનાવી દીધા હતા. બાદમાં તમામના મોબાઇલ ફોન છીનવી લઈને બેંકમાંથી અંદાજે રૂ.52 લાખની રોકડ રકમ લૂંટી તેઓ પલાયન થઈ ગયા હતા.ઘટનાની ગંભીરતા છતાં પોલીસ લૂંટારુઓ સુધી પહોંચવામાં નિષ્ફળ રહી હોવાનું સામે આવ્યું છે.

લૂંટ બાદ તરત જ સીસીટીવી ફૂટેજ પોલીસને મળી ગયા હતા, જેમાં લૂંટારુઓ વરાછા ફ્લાયઓવર પરથી પસાર થતા જોવા મળ્યા હતા. તેમ છતાં તેઓ વેલંજા સુધી પહોંચ્યા ત્યાં સુધી કોઈ અસરકારક નાકાબંધી કે ચેકિંગ ન થતાં પોલીસની કામગીરી સવાલના ઘેરામાં આવી ગઈ છે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, લૂંટ દરમિયાન લૂંટાયેલા મોબાઇલમાંથી બે મોબાઇલ વેલંજા નજીક બિનવારસી હાલતમાં મળી આવ્યા છે.

લોકેશનના આધારે પોલીસે તે કબજે કર્યા હતા, પરંતુ તેમાંમાંથી લૂંટારુઓ અંગે કોઈ મહત્વપૂર્ણ માહિતી મળી ન આવતા તપાસ આગળ વધવામાં અડચણ ઊભી થઈ છે.આ બનાવમાં વરાછા પોલીસ સ્ટેશનમાં બેંકના સેલ્સ મેનેજર કિરણ પ્રકાશભાઈ બોઘેએ ફરિયાદ નોંધાવી છે. ઘટનાના 18 કલાક બાદ પણ પોલીસ કોઈ ચોક્કસ સૂત્ર સુધી પહોંચી શકી નથી. લૂંટારુઓ પ્રોફેશનલ ગેંગના હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે, પરંતુ તે અંગે પણ કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.હાલ ડીસીપી ઝોન-1ના માર્ગદર્શન હેઠળ પાંચ પોલીસ ટીમો અને ક્રાઇમ બ્રાન્ચની પાંચ ટીમો સહિત કુલ 10 ટીમો લૂંટારુઓને પકડવા માટે કાર્યરત છે. છતાંય લૂંટારુઓનો કોઈ પત્તો ન મળતા શહેરમાં ચિંતાનો માહોલ સર્જાયો છે અને પોલીસની કાર્યક્ષમતા અંગે ચર્ચા તેજ બની છે.

### મેટ્રો સાઇટના મજૂરોની પૂછપરછ

લૂંટની ઘટનાના તપાસમાં પોલીસ હવે દરેક સંભાવના પર કડક નજર રાખી રહી છે. ઘટનાસ્થળ સામે ચાલતી મેટ્રો ટ્રેનની કામગીરી પોલીસ માટે મહત્વપૂર્ણ કડી બની છે. મેટ્રો સાઇટ પર કામ કરતા મજૂરો અને સ્ટાફની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે, કારણ કે સતત આવન-જાવન અને અજાણ્યા લોકોની હાજરી ગુનેગારો માટે અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરી શકે છે. પોલીસ માનતી છે કે અંદરની માહિતી વગર આવી સુનિયોજિત લૂંટ શક્ય નથી. એટલું જ નહીં, બેંકના ચોકીદારની ભૂમિકા પણ પોલીસને શંકાસ્પદ લાગી રહી છે. તેમની હલચલ, ફરજ દરમિયાનનું વર્તન અને ઘટનાકાળની વિગતોમાં ગેરસમજ ઉભી થતાં તેમની આગવી ઢબે કડક પૂછપરછ શરૂ કરવામાં આવી છે. તપાસ હવે સ્પષ્ટ રીતે આંતરિક સંડોવણી તરફ સંકેત આપી રહી છે.

### વરાછાના PI વાળા પાસે ફોન ઊંચકવાનો પણ સમય નથી

લૂંટ જેવી ગંભીર ઘટનામાં જવાબદાર અધિકારીઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હોય છે, પરંતુ વરાછાના PI વાળાનું વર્તન ગંભીર સવાલો ઊભા કરે છે. ઘટના બાદ મીડિયા અને અન્ય લોકો દ્વારા વારંવાર સંપર્ક કરવાનો પ્રયાસ છતાં તેમણે ફોન રિસિવ કરવાની તસ્દી લીધી નહીં. એક જવાબદાર અધિકારી તરીકે તેમની પાસે ઘટનાની સંપૂર્ણ માહિતી હોવી સ્વાભાવિક છે, છતાં તેમની આ ઉદાસીનતા શંકા જન્માવે છે. બીજી તરફ, સેક્ટર-વનના બલરામ મીના, DCP આલોકકુમાર, ACP પી.કે. પટેલ અને ક્રાઇમ બ્રાંચના DCP ભાવેશ રોજિયા જેવા ઉચ્ચ અધિકારીઓએ તાત્કાલિક પ્રતિસાદ આપી પોતાની જવાબદારી નિભાવી. PI વાળાનું આ વર્તન એવું જણાય છે કે તેઓ પોતાને ઉચ્ચ અધિકારીઓ કરતા પણ ઉપર માને છે. આવી બેદરકારી પોલીસ વિભાગની છબીને નુકસાન પહોંચાડે છે.

# લાંચ કેસમાં માંગરોળના પેટા ટ્રેઝરરને 3 વર્ષની સજા

**કોસંબા રેલવે સ્ટેશન પર લાંચ લેતાં કિશોરચંદ્ર અણખીવાલાને છટકું ગોઠવી એસીબીએ ઝડપી પાડ્યો હતો**

સુરતઃ માંગરોળના પેટા તિજોરી અધિકારી કિશોરચંદ્ર હરકિશનદાસ અણખીવાલાને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ સ્પેશિયલ એસીબી કોર્ટનાં જજ રાહુલ ત્રિવેદીએ ત્રણ વર્ષની સજા ફટકારી જામીન રદ કરી કસ્ટડીમાં લેવાનો હુકમ કર્યો હતો.પાણી પુરવઠા વિભાગમાં આરોગ્ય સુપરવાઈઝ તરીકે જોડાયાં બાદ વર્ક આસિસ્ટન્ટ તરીકે ઓલપાડથી નિવૃત્ત થતાં ફરિયાદી ખુશાલભાઈ હરિસાઈદ કાસિયાએ નિવૃત પેન્શન, ગ્રેચ્યુટીના મળવાપાત્ર નાણાં બાબતે સબ-રજિસ્ટ્રાર ઓફિસ જઈ તપાસ કરતાં માંગરોળ સબ-ટ્રેજરીના સબ-ટ્રેજરી ઓફિસર અણખીવાલાએ વ્યવહારના સાતસો રૂપિયાની માંગણી કરતાં ફરિયાદીએ આપી દીધા હતા અને બાકીનાં ચેક મળે તો એક હજાર આપી જવાનું કહ્યું હતું. ફરિયાદીને ચેક મળી જતાં આરોપીએ કોસંબા રેલવે સ્ટેશન પર બોલાવી હજાર રૂપિયાની માંગણી કરી હતી અને તા.૧૩.૧૦.૨૦૧૧ ના રોજ બિલાડ એક્સપ્રેસ ટ્રેનમાં કોસંબા રેલવે સ્ટેશન પર પૈસા આપી જવાનું કહ્યું હતું. ફરિયાદીને લાંચ આપવી ન હોય એસીબી ગ્રામ્યમાં ફરિયાદ કરતાં એસીબીએ કોસંબા રેલવે સ્ટેશન છટકું ગોઠવી આરોપીને લાંચની રકમ સ્વીકારતા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ એસીબી કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ આરપી ડોબરીયા ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને ત્રણ વર્ષની સજા ફટકારી હતી.

# અમરોલીવિસ્તારમાંઆલુપુરીના દુકાનદારે બાળકીની છેડતી કરી

**'તારા વાળ સરખા કરી આપું' કહી શારીરિક અડપલાં કર્યાં, આધેડ દુકાનદારની ધરપકડ**

સુરતઃ અમરોલીમાં આલુપુરી લેવા ગયેલી એક 11 વર્ષની નિર્દોષ બાળકીની એકલતાનો લાભ ઉઠાવી 56 વર્ષીય આધેડ દુકાનદારે બાળકીના વાળ સરખા કરવાના બહાને શારીરિક અડપલાં કરી પોતાની વિકૃત માનસિકતા છતી કરી હતી. જોકે, બાળકીએ હિંમત દાખવી ઘરે જઈ આપવીતી જણાવતા પરિવારે નરાધમ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

અમરોલી વિસ્તારમાં સૃષ્ટિ રો-હાઉસ પાસે આવેલા સિટી હાઇટ્સ કોમ્પ્લેક્સમાં 'શ્રીજી લાઈવ આલુપુરી' નામની દુકાન દિનેશ જીવરાજભાઈ રામાણી (ઉ.વ.56, મૂળ રહે., માખીયાણા, જુનાગઢ) ચલાવે છે. ગતરોજ બપોરે 12થી 1 વાગ્યાના અરસામાં વિસ્તારમાં રહેતી 11 વર્ષની બાળકી આલુપુરી લેવા માટે આ દુકાને પહોંચી હતી. તે સમયે દુકાનમાં અન્ય કોઈ ગ્રાહક હાજર નહોતું. દુકાનદાર દિનેશ રામાણીએ બાળકીને જોઈ તેની દાનત બગડી હતી.

તેણે બાળકીને પ્રેમથી બોલાવી 'તું અહીં બેસ' તેમ કહી દુકાનની અંદર ટેબલ પર બેસાડી હતી. ત્યારબાદ તેણે નિર્દોષ બાળકીને જાળમાં ફસાવવા માટે 'તારા વાળ વિખરાઈ ગયા છે, લાવ સરખા કરી આપું' તેમ કહી નજીક બોલાવી હતી. વાળ સરખા કરવાના બહાને આ હવસખોર આધેડે માસૂમ બાળકીના શરીર સાથે અયોગ્ય છેડછાડ અને શારીરિક અડપલાં કરવાનું શરૂ કર્યું હતું. આધેડની આ હરકતથી ગભરાઈ ગયેલી બાળકી તુરંત ત્યાંથી ભાગી છૂટી હતી અને રડતી રડતી ઘરે પહોંચી હતી. ઘરે જઈ તેણે પોતાની માતાને આખી હકીકત જણાવી હતી. દીકરીની વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયેલા માતા-પિતાએ જરાય વિલંબ કર્યા વગર અમરોલી પોલીસમથકનો સંપર્ક સાધ્યો હતો. અમરોલી પોલીસે બનાવની ગંભીરતા સમજી તુરંત જ ભોગ બનનાર બાળકીની માતાની ફરિયાદના આધારે દિનેશ રામાણી વિરુદ્ધ છેડતી તેમજ પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### નવાપુરામાં બળિયા બાપજીની વિશાળ શોભાયાત્રા નીકળી



■ નવાપુરામાં રાણા સમાજ દ્વારા બળિયા બાપજીની વિશાળ શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રામાં જય બળિયા બાપજીના નાંદ સાથે હજારો ભક્તો જોડાયા હતા. (તસવીરઃ સતીષ જાદવ)

# કિશોરને શારીરિક અડપલાં કરનારને 7 વર્ષની સજા

**આ કેસમાં બે સાહેદ ફરી જતાં કોર્ટે શિક્ષાત્મક કાર્યવાહી કેમ ન કરવા બાબતે નોટિસ ફટકારી**

સુરતઃ રાંદેર ગોરાટ રોડનાં આરોપી સીકંદર ઉર્ફે બાબા ઉર્ફે કોઠારી સલીમ શેખને પોકસો એકટ હેઠળ કોર્ટે દોષિત ઠેરવી કોર્ટે સાત વર્ષની સજા ફટકારી હતી. આ કેસમાં સાહેદ મહેબુબ બસીર પઠાણ, સાહેદ અસફાક ઈકબાલ શેખએ સોગંદ ઉપર ઈરાદાપૂર્વક ખોટો પુરાવો આપીને આરોપીને મદદ કરવાનો પ્રયત્ન કરવા બદલ તેઓની સામે બીએનએસએસ કલમ ૩૮૩ મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કેમ ન કરવી? તેનુ કારણ દર્શાવવા આ અદાલતમાં આગામી મુદ્દત તા.૦૫/૦૫/૨૦૨૬ નાં રોજ હાજર રહેવા નોટીસ કાઢવાનો હુકમ કોર્ટે કર્યો હતો.

આ કેસની વિગત મુજબ તા. ૧૯/૦૧/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે ૯-૩૦ વાગ્યે આરોપીએ ફરિયાદીનાં દિકરા ભોગ બનનારને ફીરકીની લાલચ આપીને અવાવરૂ જગ્યાએ લઇ જઇ પેન્ટ ઉતરાવી અને શારીરિક અડપલા કર્યા હતા. આ અંગે ભોગ બનનાર કિશોરનાં પિતાએ રાંદેર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપી સીકંદર ઉર્ફે બાબા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની સુનાવણી સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ દિપેશ દવે ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં સ્પેશિયલ પોકસો કોર્ટે આરોપીને સાત વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

### 15 મે સુધી સુરત રેલવે સ્ટેશન પર છત લગાડવાનું કામ ચાલશે

સુરતઃ દક્ષિણ ગુજરાતના સૌથી વ્યસ્ત એવા સુરત રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવાની કામગીરી હવે યુદ્ધના ધોરણે ચાલી રહી છે. સુરત સ્ટેશન પુનઃવિકાસ પ્રોજેક્ટ અંતર્ગત પ્લેટફોર્મ નંબર 2, 3 અને 4 પર 'થ્રુ રૂફ લોન્ચિંગ'(છત બેસાડવાનું કામ) શરૂ થવા જઈ રહ્યું છે. આ મેગા કામગીરીને પગલે પશ્ચિમ રેલવે દ્વારા સુરત આવતી-જતી કેટલીક ટ્રેનોના રૂટમાં આંશિક ફેરફાર કરી તેને ઉધના સ્ટેશન સુધી મર્યાદિત રાખવાનો નિર્ણય લેવાયો છે. રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ફેરફારો આગામી 15 મે, 2026 સુધી અમલમાં રહેશે.

### આ ટ્રેનો ઉધના સુધી જ દોડશે

(1) બાંદ્રા ટર્મિનસ - સુરત સુપરફાસ્ટ 29 એપ્રિલ થી 15 મે સુધી (2) સુરત - અમરાવતી સુપરફાસ્ટ 30 એપ્રિલ થી 15 મે સુધી

### મુંબઈ-કાઠગોદામ અને અમદાવાદ-પટના સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવાયા

સુરત : ઉનાળાની રજાઓ અને વેકેશન દરમિયાન રેલવે માં જોવા મળતા મુસાફરોના ભારે ધસારાને પહોંચી વળવા બે જોડી ટ્રેનના ફેરા વધારાયા છે. ( 1) મુંબઈ સેન્ટ્રલ - કાઠગોદામ સાપ્તાહિક સ્પેશિયલ (09075/09076): ટ્રેન સંખ્યા 09075 (મુંબઈ સેન્ટ્રલથી કાઠગોદામ) ના ફેરા 6 મે થી 13 મે, 2026 સુધી લંબાવવામાં આવ્યા છે. સામે પક્ષે ટ્રેન સંખ્યા 09076 (કાઠગોદામ થી મુંબઈ સેન્ટ્રલ) ના ફેરા 7 મે થી 14 મે, 2026 સુધી લંબાવ્યા છે.(2) અમદાવાદ - પટના સાપ્તાહિક સ્પેશિયલ (09447/09448): ટ્રેન સંખ્યા 09447 (અમદાવાદ થી પટના) ના ફેરા 6 મે થી 13 મે, 2026 સુધી લંબાવવામાં આવ્યા છે.

**VNSGUનો માનવીય અભિગમ ચર્ચામાં**

# ૬ વિદ્યાર્થી ચેટજીપીટી પર, ૧૧ મોબાઈલ સાથે ચોરી કરતાં પકડાયા

**૩ એ ઉત્તરવહીમાં રૂપિયા મૂકી પાસ કરવા વિનંતી કરી**

**૨૨૬માંથી ૧૫૩ વિદ્યાર્થી સુનાવણીથી ગેરહાજર, ૧૪ને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન માટે મોકલાશે**

### 'ક્રિએટિવ' ચોરીના નુસખાઓએ કમિટીને ચોંકાવ્યા

» ટેક્નોલોજીનો દુરુપયોગઃ ૬ વિદ્યાર્થી ChatGPT જેવા AI ટૂલ્સનો ઉપયોગ કરતા ઝડપાયા, જ્યારે ૧૧ વિદ્યાર્થી મોબાઈલ સાથે પકડાયા. » સૌથી વધુ ૯૪ કેસ 'કાપલી' રાખવાના અને ૪૫ કેસ કાપલીમાંથી સીધો ઉતારો કરવાના નોંધાયા. » ૧૭ વિદ્યાર્થીએ હાથ-પગ પર લખાણ લખ્યું હતું, જ્યારે ૧૫એ ડ્રેસ, રૂમાલ અથવા બેન્ચ પર માહિતી નોંધેલી હતી. » ૩ વિદ્યાર્થીએ ઉત્તરવહીમાં રૂપિયા મૂકી 'પાસ' કરવાની વિનંતી કરી.

સુરતઃ VNSGU ખાતે યોજાયેલી માલપ્રેક્ટિસ ઈન્કવાયરી કમિટી (MIC) ની બેઠક માત્ર ગેરરીતિઓ માટે નહીં પરંતુ વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિને સમજવાનો એક મહત્ત્વપૂર્ણ પ્રયાસ બની છે. આ વખતે યુનિવર્સિટીએ 'શિક્ષા સાથે સમજણ'નો અભિગમ અપનાવી નવી દિશા દર્શાવી છે. બેઠકમાં કુલ ૨૨૬ વિદ્યાર્થીઓને સુનાવણી માટે બોલાવવામાં આવ્યા હતા, પરંતુ આશ્ચર્યજનક રીતે ૧૫૩ વિદ્યાર્થી હાજર રહ્યા નહોતા, જ્યારે માત્ર ૭૩ વિદ્યાર્થી જ કમિટી સમક્ષ હાજર રહ્યા. ગેરહાજરીનું આ પ્રમાણ પણ વિદ્યાર્થીઓમાં વ્યાપેલા ડર અને દબાણને દર્શાવે છે. યુનિવર્સિટીએ આ વખતે ગેરરીતિને માત્ર શિસ્તભંગ તરીકે નહીં, પરંતુ એક માનસિક સમસ્યા તરીકે પણ જોવાનો પ્રયાસ કર્યો છે. ગંભીર કેસોમાં સામેલ ૧૪ વિદ્યાર્થીને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન કેન્દ્રમાં મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### પર્સ ઝૂંટવવાના કેસમાં બાબુ છપરીને આઠ વર્ષની સજા

સુરતઃ ઉધનામાં મહિલાનાં હાથમાંથી પર્સ ઝુંટવીને ભાગેલા આરોપી પીરુ ઉર્ફે બાબુ છપરીને સેશન્સ કોર્ટે આઠ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો. ફરીયાદી હેમલતાબેન જોષી (ઉ.વ.૫૪) તા. ૧૩/૦૬/૨૦૨૪ ના રોજ સવારે ઉધના લક્ષ્મીનારાયણ મંદિરની સામેની ગલીમાં ચાલતાં જતાં હતા. ત્યારે આરોપી પીરુ ઉર્ફે બાબુ છપરી (ઉન પાટીયા) એ અચાનક આવી પર્સ ની ચીલઝડપ કરી ગયો હતો. આ બનાવ અંગે ઉધના પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની સુનાવણી સેશન્સ કોર્ટમાં થઈ હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ એ. પી. વસોયા કેસ પુરવાર કરવા માં સફળ થતાં કોર્ટે આરોપી ને આઠ વર્ષ ની સજા અને રૂપીયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

# વિસ્ફોટ થતાં મકાન તૂટી પડતાં 43ના મોતમાં કારખાનેદારને 7 વર્ષની કેદ

**વરાછામાં બોઈલરને વધુ હીટ આપતાં પ્રચંડ વિસ્ફોટ સાથે ફાટતાં મકાન ધરાશાયી થતાં ૪૩નાં મોત થયાં હતાં**

**સરણ તથા ડાયમંડ સ્ટ્રેક બનાવવાનું ગેરકાયદે કારખાનું ધમધમતું હતું**

**ઓગસ્ટ-૨૦૦૩માં બનેલી આ ઘટનાથી સમગ્ર શહેર હચમચી ઊઠ્યું હતું**

સુરતઃ ઓગસ્ટ,૨૦૦૩મા વરાછા વિસ્તારમાં સરણ બનાવવાના કારખાનામા પ્રંચડ વિસ્ફોટ સાથે બોઈલર ફાટતાં ધરાશાયી થયેલાં મકાન હોનારતમાં ૪૩નાં મૃત્યુ કેસમાં આરોપી સુનિલ ઉફે ચુન્નીભાઈ જેરામ રાદડીયાને સેશન્સ કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૪, ૩૩૭, ૩૩૮, ૪૨૭ નાં ગુનામાં તકસીરવાર ઠેરવી સાત વર્ષની સજા ફટકારી હતી.

આ કેસની હકીકત મુજબ વરાછા રોડ, જુની ગીતાંજલી સિનેમાની પાછળ, ચબૂતરની ચાલ, ગાળા નં.૧૧૧, ૧૧૨, ૧૧૩ માધવનગર સોસાયટીવાળી જગ્યાએ ભોંયતળીયે સરણ બનાવવાનો તથા ડાયમંડ સ્ટ્રેક બનાવવાનું ગેરકાયદેસર કારખાનું ધમધમતું હતું. તા. તા.૦૩/૦૮/૨૦૦૩ નાં બોઈલરને વધુ હીટ આપતાં બોઈલરમાં વધુ પડતી ગરમી આપવાના કારણે આરોપીની નિષ્કાળજીથી આ બોઈલરમાં પ્રંચડ વિસ્ફોટ સાથે ફાટતા ગાળા નં.૧૧૧, ૧૧૨, ૧૧૩ નાં મકાનો ધરાશાયી થતાં કુલ ૪૩ સ્ત્રી-પુરુષનાં મૃત્યુ થયાં હતાં. જ્યારે ૩૧ જેટલા વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી.

આ હચમચાવતી ઘટનામાં આરોપી સુનિલ ઉફે ચુન્નીભાઈ જેરામ રાદડીયા સામે વરાછા પોલીસ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ કે ડી ખેરનાર કેસ પુરવાર કરવામાં સફળ થતાં એડીશનલ સેશન્સ જજ દેવેન્દ્ર જોષીએ આરોપીને સાત વર્ષની સખ્ત કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

### ગેરકાયદે કારખાનાં અને ધંધા ચલાવનારને સખત સજા થવી જોઈએઃ કોર્ટનું અવલોકન

સુરતઃ કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે આરોપીનાં જ્ઞાન સાથેનાં બેદરકારીભર્યા કૃત્યનાં કારણે ૪૩ વ્યક્તિનાં મૃત્યુ અને ૩૧ ને નાની-મોટી ઇજા તથા મકાનો અને મશીનરીને પણ નુકશાન થયું છે હાલનાં સમયમાં પણ ગેરકાયદેસરનાં આ પ્રકારનાં કારખાના અને ધંધા ચાલતા હોય છે, જેમા અન્ય વ્યક્તિઓનાં જીવનની સલામતીને અસર થતી હોય તેવા કેસોમાં આરોપીને સખત સજા કરવી જરૂરી છે. ફાયર સેફટીનાં સાધનો દરેક જગ્યાએ જરૂરી છે. આ પ્રકારનાં ગેરકાયદેસર ચાલતા કારખાના અને ધંધા પર કાર્યવાહી સરકારશ્રીનાં સંબંધિત વિભાગ દ્વારા કરવી જરૂરી છે. વધુમાં ફાયર સેફ્ટીનાં સાધનો ન હોય તેવી જગ્યાઓએ પણ સરકારશ્રીનાં સંબંધિત વિભાગ દ્વારા કાર્યવાહી કરવી જરૂરી છે. આ પ્રકારનાં ગુનાઓમાં સજા કરવાથી ગેરકાયદેસર ચાલતી પ્રવૃતિઓ પર અંકુશ આવે તેમ છે.

### બોઈલર-ફરનેશ ૯૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાને ફાટ્યું

» બોઈલર-ફરનેશ ૯૦૦ ડીગ્રી સેન્ટીગ્રેડ જેટલા ઉષ્ણતામાને પ્રોસેસ દરમ્યાન ભંયકર વિસ્ફોટ » રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે કારખાનું હોવાનું પુરવાર કરતું ફરિયાદ પક્ષ » ઘટનાં વખતે ગેસનાં બાટલા સહિતનાં અવશેષો મળ્યાં » સાપરાધ મનુષ્યવધની ન હોવાની બચાવ પક્ષની દલીલો » આરોપી તરફે ડિસ્ચાજ અરજી કરાઈ હતી » બોઈલર કે ફરનેશનાં મુદ્દે વ્યાપક દલીલો સાથે બોઈલર ઈન્પેકટરનો રિપોર્ટ » સરણ બનાવવા તથા ડાયમંડ સ્ટ્રેક બનાવવા માટે ફરનેસ/બોઇલરનાં અવશેષો મળી આવ્યાં તથા ત્રણ યુનિટ હોવાનું અને તે પૈકી એક યુવિનટમાં વધુ ઉંચા તાપમાને ગરમ કરતાં વિસ્ફોટ થયુ હોવાનું ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવવામાં સફળ » ત્રણ માળની ધરાશાયી થયેલી મિલ્કતનો સ્ટેબિલટી રિપોર્ટ કરાયો હતો.

# ફ્રી-ફાયર ગેમ રમવા મુદ્દે પરિવારે ઠપકો આપતાં 13 વર્ષના તરુણનો આપઘાત

**બિલાલ મોબાઈલ ફોનમાં સતત ગેમ રમતો હતો, ભેસ્તાન પોલીસે તપાસ હાથ ધરી**

સુરતઃ શહેરમાં માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ભેસ્તાનમાં 13 વર્ષીય તરુણે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. મોબાઈલ ફોનમાં ફ્રી-ફાયર ગેમ રમતો હતો. જેથી ગેમ નહીં રમવા બાબતે પરિવારે આપેલા ઠપકાનું માઠું લગાડી પુત્રએ આપઘાતનું પગલું ભર્યું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. તેના સંતાન પૈકી 13 વર્ષીય બિલાલે કાલે સાંજે ઘરમાં છતમાં લગાવેલા લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પડોશીએ મજનુંની ઘરની બારીમાંથી જોતા બિલાલ ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. જેથી પડોશીએ તાત્કાલિક ઘરની બારી તોડી અંદર પ્રવેશી બિલાલને નીચે ઉતારી ઘટનાની જાણ પરિવારને કરતાં જ તેઓ તાત્કાલિક ઘરે આવ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં બિલાલ મોબાઈલ ફોનમાં ખૂબ જ ફ્રી-ફાયર નામની ગેમ રમતો હતો.

જેથી માતા-પિતાએ ફ્રી-ફાયર ગેમ નહીં રમવા બાબતે ઠપકો આપ્યો હતો. જે વાતનું માઠું લગાડી બિલાલે આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. ભેસ્તાન પોલીસે આ બનાવ અંગે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# સુરતના તાપમાનમાં હળવો વધારો, ભેજ-પવનથી ઉકળાટ

**મહત્તમ 35.2 ડિગ્રી, લઘુત્તમ 26.5 ડિગ્રી સાથે શહેરમાં ભેજભર્યું હવામાન અનુભવાયું**

સુરતઃ શહેરમાં આજે હવામાનમાં હળવો ફેરફાર નોંધાયો હતો. દિવસ દરમિયાન ગરમીમાં થોડો વધારો થયો હતો, જ્યારે સવારના સમયે તાપમાન ઘટતા હળવી ઠંડક અનુભવાઈ હતી. છતાં ભેજના કારણે સમગ્ર દિવસ દરમિયાન ઉકળાટ યથાવત રહ્યો હતો.આજે શહેરમાં મહત્તમ તાપમાન 35.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ તાપમાન સામાન્ય કરતાં થોડું વધારે હોવાથી બપોરના સમયે તડકો વધુ તીવ્ર લાગ્યો હતો. શહેરના માર્ગો, બજારો અને ઔદ્યોગિક વિસ્તારોમાં ગરમીનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન 26.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત દિવસની તુલનામાં લગભગ દોઢ ડિગ્રી ઓછું હતું. આ ઘટાડાના કારણે વહેલી સવારના સમયે થોડું આરામદાયક વાતાવરણ અનુભવાયું હતું, પરંતુ દિવસ શરૂ થતા જ ગરમી ફરીથી વધી ગઈ હતી. હવામાં ભેજનું પ્રમાણ 67 ટકા નોંધાયું હતું, જેના કારણે ગરમીનો અસરો વધુ તીવ્ર અનુભવાયો હતો. ભેજ વધારે હોવાથી શરીર પર ચીકાશ અને પરસેવો વધ્યો હતો, જેના કારણે લોકોમાં ઉકળાટની સ્થિતિ જોવા મળી હતી. તાપમાન સામાન્ય હોવા છતાં ભેજના કારણે ગરમી વધુ લાગતી હતી. આજે દક્ષિણ પશ્ચિમ દિશાનો પવન લગભગ 10 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો. આ પવનથી હવામાં થોડો ફેરફાર આવ્યો હતો અને ક્યારેક હળવી ઠંડકનો અહેસાસ થયો હતો, પરંતુ ભેજ વધુ હોવાથી તેનું અસરકારક રાહતરૂપ પ્રભાવ ઓછો રહ્યો હતો.

# વ્યાજ વટાવના કેસમાં આરોપીનો છૂટકારો

સુરતઃ વ્યાજ વટાવના કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો થયો હતો. ગુજરાત સરકાર દ્વારા વ્યાજ વટાવનો ધંધો કરનારા પર કેસો કરવાની ડ્રાઇવનો હુકમ કરવામાં આવ્યો હતો. જે અન્વયે સુરત શહેરની પોલીસે ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબતના અધિનિયમની કલમ-૪૨(એ)(ડી) મુજબના કેસો કર્યા હતા. જેમાં લાલગેટ પોલીસે કનુભાઈ મુળજીભાઈ પરમાર સામે પણ કેસ કર્યો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. બચાવ પક્ષે વકીલ ધર્મેન્દ્ર માટલીવાળાએ દલીલો કરતાં કોર્ટે બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી કનુભાઈ પરમારને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.